

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસામાં ઈદની નમાઝ

આજે ભારત ભરમાં ઈદનો તહેવાર મનવાઈ રહ્યો છે. જોગાનું જોગ ત્રીસ વર્ષ બાદ ઈદ અને રથયાત્રા ના તહેવાર સાથે આવતા હિન્દુ અને મુસલમાનોએ સાથે મળી ને કોમી એખલાસ ના દર્શન કરાવ્યા હતા. ઈદ અને રથયાત્રા ત્રીસ વર્ષ બાદ એકજ દિવસે આવતા હિન્દુ અને મુસ્લિમ લોકો ના ધંધા રોજગાર એક સાથે રજા રહી હતી ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા મુકામે માલપુર રોડ ઉપર આવેલ ઈદગાહ ખાતે મોડાસા ના મુસ્લિમ બિરાદરો ધ્વારા ઈદ ની નમાઝ અદા કરવામાં આવી હતી.બાયડ ખાતે આવેલા ઈદગાહ મા નમાજ અદા કરવામા આવી .તી જીલ્લા ના ઈદગાહ માં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નમાઝ અદા કરાઈ હતી.અને ત્યારબાદ મુસ્લિમો એક બીજાને ગળે મળ્યા હતા.અને ઈદ મુબારક પાઠવ્યા હતા. જયારે બીજી તરફ મોડાસા રથયાત્રા સમિતિ અને મોડાસા ના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર ધ્વારા મુસ્લિમ બિરાદરો ને ઈદ ની સુભેચ્છા ગળે મળી પાઠવવા આવી હતી. અને આ સમય કોમી એકતા ના દર્શન થયા હતા. આજે મોડાસા બાયડ મેઘરજ લોકોને કોમી એકતા દર્શન થયા હતા ત્યારે ત્રિદિવસીય ચાલનારા આ ઈદના તહેવાર અને રથયાત્રા માં કોઈ અનીચ્નીય બનાવન ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# ડીસામાં ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા નીકળી

## 'જય રણછોડ માખણ ચોર'નાં ગગનભેદી નાદથી ડીસા ભક્તિરંગે

ડીસા, તા. ૧૮

આજે સવારે ભગવાનના આંખેથી પાટા ખોલી માલપુવા, કોળા ગવારનું શાક અને ખીચડીનો -સાદ ધરાવી મંગળા આરતી કરી ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા ડીસા શહેરના રાજમાર્ગો પરથી પસાર થઈ હતી.જેમાં સમગ્ર ડીસા તાલુકામાંથી ભગવાન ના દર્શનનો લ્હાવો લેવા હજારો ભક્તજનો રસ્તા પર ઉતરી આવ્યા હતા.અને ભક્તીરંગે રંગાઈ શેરના વિવિધ રાજમાર્ગો પરથી ફરતી આ રથયાત્રામાં જોડાતા સમગ્ર શહેર ભગવાન જગન્નાથ ના ભક્તિ રંગે રંગાયું હતું .

અષાઢી બીજ નિમિત્તે ડીસા શહેરમાં સુભાષ ચંદ્ર બોઝ સેવા સમિતિ આયોજિત ભગવાન જગન્નાથજીની ૧૭ મી રથયાત્રા બપોરે ૨ વાગ્યે રામજી મંદિરેથી થી -સ્થાન કરાઈ હતી, આ રથયાત્રામાં પાટણ સાંસદ લીલાધરભાઈ વાઘેલા, ડીસા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, દિનેશભાઈ અનાવાડીયા, શશીકાન્તભાઈ પંડ્યા, પાલિકા -મુખ કેલાશબેન શાહ, રથયાત્રા ઈન્ચાર્જ હાથીભાઈ વાઘેલા સહીત અનેકો આગેવાનો અને નાગરિકો આ રથયાત્રામાં જોડાયા હતા,રામજી મંદિરેથી ભગવાન જગન્નાથજીની



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

વિશાળ રથયાત્રા બપોરે રવાના થઈ હ્તી જેમાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામના રથ ભારે આકર્ષણ નું કેન્દ્ર બન્યા હતા આ રથયાત્રામાં ઘોડા, ઉટગાડીઓ, જીપો, ટ્રેકટરો, ટ્રકો, બેન્ડ, ડી.જે. અને નાસીક ઢોલ, શરણાઈ, નટના ખેલ અને અખાડાઓ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

રથયાત્રામાં વિવિધ ઐતિહાસિક ઝાંખીઓ અને નાના ભૂંલકાઓની વેશભૂષા તેમજ ભજન મંડળી અને ધાર્મિક સંસ્થાઓના ટેબ્લો સાથે સરકારના જાગૃતિ અભિયાન બેનરો , ટ્રાફિક નિયમન બેનર પણ અનોખું આકર્ષક ઉભુ કરતા જોવા મળ્યા હતા .શહેરના વિવિધ રાજમાર્ગો પર રથયાત્રા દરમિયાન સમિતિ તરફથી મગ, ચણા, કેરી, જાંબુ, કાકડી અને દાડમ, સાકરીયા,બુંદી વગેરે મળી કુલ ૨૦૦ મણ જેટલો -સાદ વહેંચવામાં આવ્યો હતો .

ભગવાન જગન્નાથ ની આ રથયાત્રા રામજી મંદિર, રીસાલા ચોક, એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ, અંબિકા ચોક, લાયન્સ હોલ, બગીચા, ફુવારા સર્કલ, ભગવતી ચોક, લેખરાજ ચાર રસ્તા, ગાંધીચોક થઈ નીજ મંદિરે પરત ફરી હતી . જિલા પોલીસ વડા ચિરાગ કોરડીયાની સીધી સુચના એ રથયાત્રા દરમિયાન ડીસામાં ૧ ડીવાયએસપી, ૨ પીઆઈ, ૧૦ પીએસઆઈ, ૧૨૫ પોલીસ જવાનો, મહિલા પોલીસ તેમજ હોમગાર્ડઝ જવાનો અને એસઆરપીની એક કંપની બંદોબસ્તમાં હાજર રહી હતી જેમાં સંવેદન વિસ્તારોમાં ધાબા પોઈન્ટ, ડીપ પોઈન્ટ ગોઠવાશે. સમગ્ર રથયાત્રાની વીડિયોગ્રાફી કરાઈ હતી. આ રથયાત્રા બગીચા વિસ્તારમાં અડધો કલાક વિસામા માટે રોકાઈ હતી, જોકે આ ધાર્મિક પર્વની ઉજવણી રંગેચંગે સંપન્ન થતા વહીવટી તંત્રે પણ હાશકારો અનુભવ્યો હતો .

# ડીસામાં રમજાન ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

ડીસા, તા. ૧૮

મુસ્લિમ સમાજમાં પવિત્ર ગણાતા રમજાન માસનો અંતિમ રોજો ગઈકાલે પૂર્ણ થયો હતો. મુસ્લિમ બિરાદરોએ રમજાન માસના ૩૦ દિવસ રોજા રાખી અલ્લાહની બંદગી અને નેકી કરી પુણ્યનું ભાથું બાધ્યું હતું. જેમાં આજે સવારે સમગ્ર ડીસા પંથક નાં મુસ્લિમ બિરાદરોએ ગવાડી ખાતે આવેલી ઈદગાહ મિસ્જદમાં ઈદની નમાજ અદા કર્યા બાદ એકબીજાને ગળે મળી ઈદની મુબારક પાઠવી હતી. ઈદ ઉલ ફિત્ર નિમિત્તે મુસ્લિમ વિસ્તારોમાં સર્વત્ર ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો હતો.

જેમાં આજે બનાસકાંઠા નાં ડીસા શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ગત રાત્રી એ ચાંદ દેખાતા જ પવિત્ર રમજાન માસ પૂર્ણ થયો હતો અને ઈદની ઉજવણી શરૂ કરી હતી. જેમાં ડીસા ની ગવાડી ખાતે આવેલી -સિદ્ધ ઈદગાહ ખાતે સવારથી જ આબાલ વૃદ્ધ સૌ નવા વ સ્ત્રોમાં



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સજજ થઈ ઈદની વિશેષ નમાજ અદા કરી એક મેકને ગળે ભેટી ઈદની મુબારક બાદ પાઠવી હતી. એક બીજાના ઘરે જઈ મુસ્લિમ બિરાદરોએ અરસપરસ ઈદની શુભ કામના પાઠવી હતી. તેમજ સૌ કોઈએ ખીરખુરજા ખવડાવી મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

તો વળી, આજ રોજ મુસ્લિમ બિરાદરો એ ઈદગાહ માં નમાજ અદા કરી પોતાના પૂર્વજો ને યાદ કર્યા હતા ,અને કબ્રસ્તાન માં પહોચી તેમને પુષ્પાંજલિ અર્પી તેમના માટે પરિવાર નાં વડીલો ને અલ્લાહ જન્નત માં રાખી ,ખુશહાલ બનાવે તેવી ઈબાદત કરી હતી મિસ્જદોમાં નમાજ અદા કર્યા બાદ બાળકો એ પણ ચકરડી ,ચકડોળ અને ખાણપાણ ની દુકાનો માં વિવિધ વાનગી નો જયાફ્ત ઉડાવી હતી આમ, ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતપૂર્ણ રીતે હર્ષોલ્લાસ અને ઉમંગભેર ઈદના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

જયારે ધાનેરા માં આવેલી સુન્ની મસ્જીદ માં ધાનેરા ના તમામ મુસ્લિમ કોમ ના બિરાદરો દ્વરા સવારે ઈદ ની નમાજ અદા કરી હતી અને તે બાદ એક બીજા ને ઈદ ની સુભેસ્છા પાઠવી હતી આજે ઈદ અને અષાઢી બીજ એકજ દિવસે હોવાથી મુસ્લિમ બિરાદરો એ દુઆ માગી હતી કે હિંદુ અને મુસ્લિમ સમાજના લોકો પરસ્પર ભાઈચારા ની લાગણી એ આ બન્ને એકજ દિવસે આવતા તહેવારો ની ઉજવણી કરે તેવી મુસ્લિમ બિરાદરો ઈદ ની નમાજ અદા કરી પરવરદિગાર પાસે દુવા માગી હતી,તેમજ હિંદુ ભાઈઓ ને અષાઢી બીજ નાં ધાર્મિક પર્વ ની શુભેછા પાઠવી હતી .

# મોડાસામાં જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નિકળી

## ઠેર ઠેર અગ્રણીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યુ : નગરજનોની ભારે ભીડ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે ભગવાન જગન્નાથયાત્રાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન બાલકદાસજીના નિજમંદિરેથી નિકળેલી રથયાત્રામાં ભજન મંડળીઓ, બેન્ડવાજા, ઢોલી અને વેશભૂષા તેમજ વિવિધ સમાજને ઉપદેશ આપતા ટેબ્લોએ આગવુ આકર્ષણ જમાવ્યું હતું. નિજમંદિરેથી નિકળેલી આશરે ૧.૫ કિમીથી વધુ લાંબી રથયાત્રામાં અરવલ્લી જિલ્લાના ભક્તજનો અને અગ્રણીઓ જોડાયા હતા. મુસ્લીમ સમાજના બિરાદરોએ ચાર રસ્તા પહોંચેલી શોભાયાત્રાનું સ્વાગત કર્યું હતું. ત્યારે હાજર શ્રદ્ધાળુઓ જગન્નાથના નાદ સાથે વધાવી લેતા ઉલ્લાસભર્યુ વાતાવરણ પેદા થવાની સાથે કોમી એખલાસના દશ્યો જોવા મળ્યા હતા. રથયાત્રાને પ્રારંભ અરવલ્લી જિલ્લા કલેક્ટરે કરાવ્યો હતો.

મોડાસા શહેરમાં ભગવાન જગન્નાથને રથમાં બેસાડીને શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. મોડાસા શહેરની શેરીએ-શેરીએ



(તસવીર : જય અમીન, મોડાસા)

જગન્નાથ ભગવાનના દર્શન કરવા શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને મોડાસા શહેરના રથયાત્રાના માર્ગ પર ભાવિ ભક્તોએ રથયાત્રામાં જોડાયેલા ભક્તજનો માટે લિંબુ શરબત-ચા-પાણી, પીણાના પાઉચની વ્યવસ્થા કરી હતી. મોડાસા શહેરમાં ઉમટી પડેલા શહેરીજનો અને અરવલ્લી જિલ્લાના પ્રજાજનોને ભગવાન જગન્નાથના દર્શન કરી મગ, જાંબુનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. મોડાસાની શોભાયાત્રામાં કાયદો અને શાંતિ જળવાઈ રહે તે માટે ૩૫૦થી વધુ પોલીસ કર્મીઓએ ખડેપગે ફરજ બજાવી હતી. જ્યારે જિલ્લાના પોલીસ ઉચ્ચ અધિકારીઓ વિડિયો રેકોર્ડીંગ સાથે રથયાત્રાની પળેપળની માહિતી મેળવી રથયાત્રાની સાથે સતત ખડેપગે નિરિક્ષણ કર્યુ હતુ. રથયાત્રામાં અખાડાબાજોએ વિવિધ કરતબ બતાવી લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

મોડાસા શહેરના ચાર રસ્તાએ રથયાત્રા પહોંચી ત્યારે મોડાસા શહેરના મુસ્લીમ બિરાદરોએ રથયાત્રા અને રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેષ જોષીનું ઉષ્માભેર સ્વાગત કર્યુ હતુ. તેમજ મુસ્લીમ બિરાદરોએ રથયાત્રા કમીટીનું સ્વાગત કર્યું હતું. રથયાત્રા સમીતીના પ્રમુખ નિલેષભાઈ જોષીએ ઉપસ્થિત મુસ્લીમ બિરાદરોને આવકાર્યા હતા તેમજ ચાર રસ્તા સન્માન સમારોહ અને રથયાત્રાના પૂર્વ પ્રમુખોને મોમેન્ટો આપી નવાજવામાં આવ્યા હતા. આ સમારોહમાં એ.આઈ.સી.ના ઈર્શાદ મીરઝા, રાજેન્દ્રસિંહ ઠાકોર (ધારાસભ્ય), વિનોદભાઈ શાહ (પ્રમુખ નાગરીક બેંક મોડાસા), કમલેશ પટેલ, જયદત્ત સિંહ પુવાર, પંકજ પટેલ, પ્રભુદાસભાઈ પટેલ, સર્વોદય બેંકના ચેરમેન તેમજ શાંતિ સમિતિના સદસ્યો હાજર રહ્યા હતા.

## પરિણીતાને ત્રાસ આપતા પતિ વિરૂધ્ધ ફરિયાદ

ઈડર તાલુકાના મણિયોર ગામે રહેતી એક પરિણીતાને બુધવારે તેના પતિ દ્વારા ખોટો વહેમ રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપી હેરાન કરતા પરિણીતાએ પતિ વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મણિયોર ગામે રહેતા ગીતાબેન વણકરને તેમના પતિ પ્રવિણભાઈ અળખાભાઈ વણકર દ્વારા ચારિત્ર્ય પર વહેમ રાખી અવારનવાર ઝઘડો કરી ત્રાસ આપવામાં આવતો હતો. દરમિયાન બુધવારે ગીતાબેન તેમના પુત્ર જયદીપને ટયુશન જવાનુ હોવાથી ચા બનાવતા હતા ત્યારે પ્રવિણભાઈએ ઉશ્કેરાઈ જઈ માર માર્યો હતો. તેમજ કાજલને સિવણ કલાસમાં એડમીશન લેવા માટે જરૂરી દાખલો લાવતા ન હતા. ઉલ્ટાનું ગીતાબેન પર કેરોસીન છાંટી તેણીને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો.

# ખેડબ્રહ્મામાં જગતના નાથ જગના દર્શને નિકળ્યા

## ભગવાનના દર્શને માનવ મહેરામણ

ખેડબ્રહ્મા શનિવારના રોજ ભગવાન જગન્નાથની ૨૮મી રથયાત્રા દબદબાભેર શહેરમાં નીકળી હતી. જેમાં હજારો શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા રથયાત્રા કાઢવામાં આવે છે. રથયાત્રા નિકળતા પહેલા સવારે મંદિરમાં ભગવાનની પૂજા કરી મંદિર પર ધજા ચડાવવામાં આવી હતી. ત્યાર બાદ ભગવાન શણગારેલા રથમાં બેસી નગર પરિક્રમાએ નિકળ્યા હતા. રથયાત્રાના માર્ગ પર વિવિધ સેવા સ્ટોલ દ્વારા ભક્તોને આઈસ્કીમ, ડ્રાયફ્રુટ, શિરો, છાસ, ઠંડાપાણી, સહીત અનેક વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. રથયાત્રામાં વનવાસીભાઈઓના શણગારેલા ઢોલ, ઘોડા, ટ્રેક્ટરોએ આકર્ષણ જમાવ્યું હતું. રથયાત્રામાં જોડાનાર ભક્તોને ફણગાવેલા મગ અને જાંબુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. રથયાત્રા મંદિરથી નિકળી જૈન દેરાસર, પટેલફળી, બ્રહ્માજી ચોક, બસ સ્ટેશન, હનુમાનજી મંદિર થઈ શ્રીયાદે ચોક, પેટ્રોલપંપ, થઈ મોસાળમાં હસમુખભાઈ તુલસીદાસ મોદીના ઘરે પહોંચી હતી. જ્યાં ભગવાનની પૂજા આરતી કરી મામેરૂ ભરવામાં આવ્યું હતું. મામેરામાં ભક્તોએ ભારે ઉત્સાહ સાથે દાન કર્યુ હતુ. સાંજના સમયે રથયાત્રા મોસાળમાંથી નીકળી લક્ષ્મીપુરા ચાર રસ્તા થઈ સુથાર ફળી થઈ નિજ મંદિર પરત ફરી હતી. રથયાત્રામાં અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ધનસુરામાં રંગેચંગે રથયાત્રા નીકળી

ધનસુરા, તા. ૧૮

ધનસુરા શહેરમાં આજે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળી હતી. ધનસુરાના રામજી મંદિર ખાતેથી મહંત પુરણ શરણદાસજી મહારાજે રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં સાધુ સંતો, ભજન મંડળીઓ, અખાડા, સહિત નગરજનો જોડાયા હતા. ભાવિક ભક્તો દ્વારા ભગવાન જગદીશનું ઠેર ઠેર ફૂલહાર અને આરતીથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે ઈદ અને અષાઢી બીજ એકજ દિવસે હોવાથી મુસ્લિમ બિરાદરો એ દુઆ માગી હતી કે હિંદુ અને મુસ્લિમ સમાજના લોકો પરસ્પર ભાઈચારા ની લાગણી એ આ બન્ને એકજ દિવસે આવતા તહેવારો ની ઉજવણી કરે તેવી મુસ્લિમ બિરાદરો ઈદ ની નમાજ અદા કરી પરવરદિગાર પાસે દુવા માગી હતી,તેમજ હિંદુ ભાઈઓ ને અષાઢી બીજ નાં ધાર્મિક પર્વ ની શુભેછા પાઠવી હતી .

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦